| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


તા.૦૧/૦૨/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૦**

## ચોરીના આરોપીની અટકાયતની વિગત

### સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :-

**મોબાઈલ ચોર / સ્નેચર પકડવામાં આવ્યા - ગુજ.યુનિ. પો.સ્ટે.ના ચોરીના ૦૬ મોબાઈલ સહિત કુલ ૧૫ મોબાઈલ રિકવર કરવામાં આવ્યા**

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ ઉપર મહત્તમ ડિટેક્શન થકી અંકુશ મેળવવા કરેલ સૂચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમ દ્વારા મોબાઈલ ચોરીના બનતા ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે લોકરક્ષક માધુભાઈ પોલાભાઈ તથા લોકરક્ષક પ્રકુલભાઈ છેલાભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે નીચે જણાવેલ આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીઓ:-**(૧) નાગેશ બળદેવભાઈ ઠાકોર ઉ.વ.૧૯ રહે. ક્રિષ્ણા એવન્યુ પહેલા માળે પરબડી ચોક ઉંડોવાસ, બોડકદેવ વસ્ત્રાપુર અમદાવાદ (૨) વિશાલ ટીનાભાઈ દંતાણી ઉવ.૨૦ રહે. મલાવ તળાવના કાચા છાપરામાં શાકમાર્કેટ પાસે થલતેજ અમદાવાદ (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર ઉવ.૧૭

**મુદામાલ :** જુદી-જુદી કંપનીના મોબાઈલ ફોન નંગ-૧૫ જેની કિ.રુ.૬૮,૦૦૦/- ની ગણી શકાય.

**શોધાયેલ ગુનો:-** ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૭૨૦૦૦૩૨ ઈપીકો કલમ ૩૮૦ મુજબ (અન્ય 09 મોબાઈલ કયાંથી ચોરેલા છે તે સંદર્ભે વિશેશ તપાસ ચાલુ માં છે)

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વે સ્કોડ પ્રો.મ.સ.ઈ. અમીતભાઈ રણછોડભાઈ તથા લોકરક્ષક માધુભાઈ પોલાભાઈ તથા લોકરક્ષક પ્રકુલભાઈ સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

# ગુમ થયેલ બાળક ને તેના વાલી-વારસને સોંપતી રખિયાલ પોલીસ

## રખિયાલ પોલીસ સ્ટેશન :-

રખિયાલ પોલીસ સ્ટેશન ઇન્વે એ.એસ.આઇ નારાયણભાઇ કમજીભાઇ બ.ન.૭૯૫૭ તથા પો.કો. ઇન્દ્રજીતસિંહ દેવેંદ્રસિંહ બ.ન.૪૪૧૭ નાઓ તા-૩૧/૦૧/૨૦ ના કલાક ૨૦/૦૦ થી ઇન્વેમાં ફરજ ઉપર હાજર હતા આ દરમ્યાન કલાક ૨૦/૧૫ વાગ્યે એક સલમાન નામનો છોકરો હેન્ડીકેપ સાયકલમાં એક પાંચ વર્ષના આશરાનુ બાળક ભુલો પડેલ હાલતમા તેને મળી આવતા સદર બાળકને રખિયાલ પો.સ્ટે. ખાતે લઈ આવતા બાળકની પુછપરછ કરતા પોતાનુ રાજ રાજેશ ગુપ્તા જણાવતો હોય અને પોતે વધુ કાંઇ જણાવતો ના હોય જેથી સદરી બાળકના વાલી વારસ બાબતે અમારી સુચના મુજબ રખિયાલ પો.સ્ટે ઇન્વે એ.એસ.આઇ નારાયણભાઇ કમજીભાઇ બ.ન.૭૯૫૭ તથા પો.કો. ઇન્દ્રજીતસિંહ દેવેંદ્રસિંહ બ.ન.૪૪૧૭ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના પો.કો.અજયસિંહ રામસિંહ બ.નં-૧૦૪૧૮ તથા પો.કો.અપુર્વ ગીરીશભાઇ બ.નં-૧૨૩૫૪ નાઓ મારફતે સદરી બાળકના વાલી વારસ બાબતે તપાસ કરી કરાવતા તપાસ દરમ્યાન સદરી બાળકના પિતા રાજેશકુમાર રામપ્યારે ગુપ્તા ઉ.વ.૩૫ રહે- માનખુર્દ મંડાલા ગણેશ મંદીર પાસે ઇન્દીરાનગર ગલી નં-૩ મુંબઈ ખાતે રહેતા હોય અને તેઓ અમદાવાદ બાપુનગર સોનેરીયાની ચાલીમા લગ્ન પ્રસંગમા આવેલ હોય અને તેમનો દીકરો “રાજ” રમતા રમતા બહાર નિકળી ગયેલ હતો જેથી સદરી બાળકને તેના માતા પિતાને સોંપી સરાહનીય કામગીરી કરેલ છે.





# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૩૧.૧.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ કાગડાપીઠ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ પાર્કિંગમા પાર્ક કરેલ મો.સા.ની ચોરી કરી લઈ જઈ ચોરી કરેલ મો.સા.વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઇરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરી આવી અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત ઉભી કરનાર ઝનુની ઈસમ નામે મિત ઉર્ફે ભુદેવ વિઠ્ઠલભાઈ ભીખારામભાઈ દાણીધરીયા રહેવાસી- એફ/૧૯ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી ખોડીયાર મંદિર સામે નિકોલ અમદાવાદ શહેર તથા મ.ન.૩૩ રતન પાર્ક સોસાયટી ખોડીયારનગર રોડ ગાયત્રી સ્કુલની બાજુમા નિકોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ-સરસઈ તા.વિસાવદર જિ.જુનાગઢ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મિત ઉર્ફે ભુદેવ વિઠ્ઠલભાઈ ભીખારામભાઈ દાણીધરીયા રહેવાસી- એફ/૧૯ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી ખોડીયાર મંદિર સામે નિકોલ અમદાવાદ શહેર તથા મ.ન.૩૩ રતન પાર્ક સોસાયટી ખોડીયારનગર રોડ ગાયત્રી સ્કુલની બાજુમા નિકોલ અમદાવાદ શહેર મુળ વતન : ગામ-સરસઈ તા.વિસાવદર જિ.જુનાગઢ |

અમદાવાદ શહેરના ઘાટલોડીયા તથા સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ પાર્કિંગમા પાર્ક કરેલ મો.સા.ની ચોરી કરી લઈ જઈ ચોરી કરેલ મો.સા.વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઇરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરી આવી અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત ઉભી કરનાર ઝનુની ઈસમ નામે વિજય પ્રવિણભાઈ ઠાકર રહેવાસી-મ.ન.૧૬૫/૧૯૭૯ જુના ગોતા હાઉસિંગ ગોતા અમદાવાદ મુળ વતન-ગામ-રણાસણ તા.વિજાપુર જિ.મહેસાણા વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છ.

| | |
|---|---|
|  | વિજય પ્રવિણભાઈ ઠાકર રહેવાસી-મ.ન.૧૬૫/૧૯૭૯ જુના ગોતા હાઉસિંગ ગોતા અમદાવાદ મુળ વતન- ગામ-રણાસણ તા.વિજાપુર જિ.મહેસાણા |

આ ઉપરાંત મિલ્કત પ્રોહીબીશનની ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા સુરત ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતી

આજરોજ તા.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ પ્રોહીબીશન સંબંધી ગુનાનો આરોપી વિશાલ ભવાનસિંહ રાઠોડ ઉ.વ.૨૧ ધંધો.મજુરી રહે.ખાડાવાળો વાસ જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ શહેર. મુળ ગામ.દહેગામ તા.દહેગામ, જી.ગાંધીનગર. નાનો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવિલ એપ્લીકેશન નં.૧૨૭૭૫/૨૦૧૮ થી પાસા હુકમ ઉપર સ્ટ્રે લાવેલ હોય જે સ્ટ્રે.તા.૦૯/૦૯/૨૦૧૯ ના રોજ સ્ટ્રે.વેકેટ થતા તથા મે.પોલીસ કમિશનર શ્રી કચેરીના પત્ર ક્રંમાક:પીસીબી/૧૬૭૫/૨૦૧૯ તા.૧૨/૦૯/૨૦૧૯ ના આધારે આજરોજ તા.૦૧/૦૨/૨૦૨૦ ના કલાક:૦૦/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી અત્રેથી જિલ્લા જેલ,ભાવનગર ખાતે મોકલી આપવામાં આવેલ છે.

